DEO કચેરીએ લેખિત બાંહેધરી આપી

# DPSની ૧૫ હજાર ગેરકાયદે ડિપોઝિટ મામલે જાગૃત નાગરિકની લડતને સફળતા

સિક્યોરિટી ડિપોઝિટ પરત કરવાની અને દંડ ફટકારવાની માંગ સાથે DEO કચેરી બહાર ધરણાંની ચીમકી આપી હતી



( પ્રતિનિધિ )વડોદરા,તા.21

વાલીઓના હિત માટે લડી રહેલા જાગૃત નાગરિકની લડતને મોટી સફળતા મળી છે. દિલ્હી પબ્લિક સ્કૂલ, વડોદરા દ્વારા એડમિશન સમયે વસૂલાતી ગેરકાયદે સિક્યોરિટી ડિપોઝિટ મામલે જિલ્લા શિક્ષણાધિકારીની કચેરીએ લેખિત ખુલાસો આપ્યો છે. પ્રાપ્ત વિગતો મુજબ, જાગૃત નાગરિક સાઈ ઢેકાણે દ્વારા છેલ્લા ઘણા સમયથી આ મામલે મુખ્યમંત્રી કાર્યાલયના સ્વાગત કાર્યક્રમથી લઈને જિલ્લા કક્ષાએ સતત રજૂઆતો કરવામાં આવી હતી. ડીપીએસ શાળા દ્વારા વિદ્યાર્થી દીઠ રૂ. 15,000ની સિક્યોરિટી ડિપોઝિટ,કોશન મની તરીકે વસૂલવામાં આવતી હતી, જે નિયમ વિરુદ્ધ છે. તંત્રની ઉદાસીનતાને પગલે જાગૃત નાગરિક સાઈ ઢેકાણે દ્વારા આજે બપોરે 12:30 વાગ્યા સુધીમાં તમામ વાલીઓને ડિપોઝિટ પરત ન અપાવવામાં આવે અને શાળાને નિયમોનુસાર દંડ ન કરવામાં આવે તો ડીઈઓ કચેરી બહાર ધરણાં શરૂ કરવાની ચીમકી આપવામાં આવી હતી. આ ચીમકી મુજબ તેઓ આજે ડીઈઓ કચેરી, વડોદરા ખાતે શાંતિપૂર્ણ પ્રતીક ધરણાં પર બેઠા હતા. આ લોકતાંત્રિક વિરોધ અને દબાણના પરિણામે ડીઈઓ કચેરી દ્વારા તાત્કાલિક લેખિત ખુલાસો આપવામાં આવ્યો હતો, જેમાં સ્થળ તપાસ દરમિયાન શાળા સત્તાવાળાઓએ કબૂલ્યું છે કે તેઓ દરેક વિદ્યાર્થી પાસેથી 15,000 રૂપિયા ડિપોઝિટ પેટે લેતા હતા. વાલીઓ પાસેથી લીધેલી આ રકમ પરત કરવી કે આગામી શૈક્ષણિક સત્રની ફીમાં એડજસ્ટ કરવી તે અંગે શાળા મંડળ દ્વારા નિર્ણય લઈ અમલ કરાશે તેવી લેખિત બાંહેધરી આપવામાં આવી છે. આ અંગે જાગૃત નાગરિક સાઈ ઢેકાણેએ જણાવ્યું હતું કે, વાલીઓના પરસેવાની કમાણી પર કોઈ ખાનગી શાળા ગેરકાયદેસર કબજો જમાવી ન શકે. વાલીઓના ખાતામાં એક-એક રૂપિયો જમા ન થાય ત્યાં સુધી અમારી નજર રહેશે. આ ન્યાય માટે લડતા તમામ વાલીઓનો વિજય છે.

# અટલ બ્રિજ પર કલાકો સુધી વાહનોના પૈડાં થંભી જતાં વાહનચાલકો ત્રાહિમામ

બ્રિજ પર ચારેય બાજુ વાહનોની લાંબી કતારો, ટ્રાફિક નિયમન માટે યોગ્ય વ્યવસ્થા ગોઠવવાની માંગ



(પ્રતિનિધિ) વડોદરા, તા.21

વડોદરામાં નવરાત્રીનો ધામધૂમથી ઉત્સવ પૂર્ણ થઈ ગયો હોવા છતાં, શહેરના અટલ બ્રિજ પર ટ્રાફિકની સમસ્યા યથાવત રહેવા પામી છે. વડોદરા શહેરને સાંકળતા અતિ મહત્વપૂર્ણ ગણાતા આ અટલ બ્રિજ પર સાંજના સમયે અચાનક ભારે ટ્રાફિક જામની સ્થિતિ સર્જાતાં સેંકડો વાહનચાલકો અટવાઈ પડ્યા હતા. સામાન્ય રીતે તહેવાર દરમિયાન ગરબા સ્થળો અને માર્ગો પર ટ્રાફિકનું પ્રમાણ ખૂબ વધારે જોવા મળતું હોય છે. પરંતુ તહેવાર પૂર્ણ થયા બાદ પણ અટલ બ્રિજ પર વાહનવ્યવહાર પૂર્વવત થવાને બદલે વધુ જટિલ બન્યો છે. રાત્રિના સમયે મોટી સંખ્યામાં બાઈક, કાર અને અન્ય વાહનો બ્રિજ પર ઉતરી પડતાં ચક્કાજામ જેવા દ્રશ્યો સર્જાયા હતા. એક ચાલક દ્વારા વીડિયો બનાવી સોશિયલ મીડિયામાં વાયરલ કરાયેલા વિડિયોના દ્રશ્યો અનુસાર, બ્રિજ પર બંને બાજુ વાહનોની લાંબી લાઈનો જોવા મળી હતી. વાહનો એકબીજાની પાછળ ખૂબ ધીમી ગતિએ સરકી રહ્યા હતા, જેને કારણે દ્વિચક્રીય અને ચારચક્રીય વાહનચાલકો કલાકો સુધી રસ્તામાં ફસાઈ રહ્યા હતા. બ્રિજ પર સર્જાયેલા આ ટ્રાફિક જામના કારણે મોડી રાત્રે ઘરે પરત ફરી રહેલા નોકરિયાતો, પરિવારજનો તેમજ ઈમરજન્સી કામથી નીકળેલા વાહનચાલકોને ભારે હાલાકી ભોગવવી પડી હતી. સ્થાનિક નાગરિકોમાં ટ્રાફિક પોલીસ અને તંત્ર સામે રોષ જોવા મળ્યો હતો.

ગરીબરથ એક્સપ્રેસમાંથી આંતરરાષ્ટ્રીય દારૂની હેરાફેરીનો પર્દાફાશ

# રૂ. ૩.૪૧ લાખનો નાઈજીરિયન દારૂનો જથ્થો પોલીસે ઝડપ્યો

ઈથોપિયન એરલાઇન્સ મારફતે દારૂ મંગાવવામાં આવ્યો હોવાનો પ્રાથમિક તપાસમાં ખુલાસો



( પ્રતિનિધિ ) વડોદરા, તા.16

વડોદરા રેલવે પોલીસની હદમાં ટ્રેન મારફતે વિદેશી બનાવટના દારૂની હેરાફેરીનો પર્દાફાશ થયો છે. રેલવે પોલીસની ટીમે ગરીબરથ એક્સપ્રેસના કોચમાંથી ત્રણ બિનવારસી પાર્સલ ઝડપી પાડ્યાં હતાં. તપાસ દરમિયાન નાઈજીરિયન બનાવટની બીયર અને બિટર્સની 216 બોટલ-ટીન મળી આવ્યાં હતાં. પોલીસે 66.240 લીટર દારૂ-બીયરનો, અંદાજે રૂ.3.41 લાખની કિંમતનો જથ્થો જપ્ત કરી આ હેરાફેરીમાં સંડોવાયેલા નાઈજીરિયન શખ્સની શોધખોળ હાથ ધરી છે. ગુજરાત રાજ્યના પશ્ચિમ રેલવેના ઈન્ચાર્જ અધિક પોલીસ મહાનિર્દેશક (રેલવેઝ) કે.એન. ડામોર દ્વારા અમદાવાદ અને વડોદરા જિલ્લાની રેલવે હદમાં પ્રોહિબિશન, જુગાર તથા મિલકત સંબંધી ગુનાઓ અટકાવવા સરપ્રાઇઝ ચેકિંગ અને રેડ કરવાની સૂચના આપવામાં આવી હતી. આ સૂચનાના આધારે રીડર પીઆઈ સી.એફ. રાઠોડના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ વી.પી. ઝાલાની ટીમે કાર્યવાહી હાથ ધરી હતી. દરમિયાન ભરૂચ રેલવે સ્ટેશનની હદમાં ગુનાઓ અટકાવવા પેટ્રોલિંગ કરી રહેલી ટીમને ચોક્કસ બાતમી મળી હતી.

## વડદરાના ૨૧ રેલવે સ્ટેશનો પર યાત્રીઓ સાથે સીધો સંવાદ કરશે અધિકારીઓ

( પ્રતિનિધિ ) વડોદરા, તા.16

ભારતીય રેલવે દ્વારા તા. 22 ઓક્ટોબર 2026 ના રોજ દેશભરના તમામ રેલવે સ્ટેશનો પર રાષ્ટ્રવ્યાપી રેલ જન સંવાદ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. સ્વચ્છતા અને યાત્રી સુવિધા મુખ્ય મુદ્દો બનશે અને નુક્કડ નાટક, શ્રમદાન અને સ્વચ્છતા શપથથી જાગૃતિ અભિયાન હાથ ધરવામાં આવશે. સ્પેશિયલ કેમ્પેઈન-6 અંતર્ગત પશ્ચિમ રેલવેના વડોદરા મંડલમાં મંડલ રેલ પ્રબંધક રાજૂ ભડકેની આગેવાની હેઠળ આ કાર્યક્રમ યોજાશે. વડોદરા મંડલના વડોદરા, ભરૂચ, નડિયાદ, આણંદ અને ગોધરા સહિત કુલ 21 મુખ્ય સ્ટેશનો પર નામિત અધિકારીઓ દ્વારા જનસંવાદ કરવામાં આવશે, જ્યારે મંડલના અન્ય તમામ સ્ટેશનો પર સ્ટેશન અધિક્ષકો દ્વારા આ કાર્યક્રમનું આયોજન કરાશે. વડોદરા મંડલના સ્ટેશનો પર સ્વચ્છતા અને યાત્રી સુવિધાઓને લઈને રેલવે અધિકારીઓ અને કર્મચારીઓ યાત્રીઓ, યુવાનો અને સ્થાનિક હિતધારકો સાથે સીધો સંવાદ કરશે અને તેમની સમસ્યાઓ તથા સૂચનો જાણશે.

# શારીરિક પ્રતિકૂળતાથી લઈને આંતરરાષ્ટ્રીય ગૌરવ સુધી: વડોદરાની દિંકલ ગોરખાએ જીત્યા ત્રણ મેડલ

બાળપણની પગની ઈજાને મ્હાત આપીને ઉઝબેકિસ્તાન કિક બોક્સિંગ વર્લ્ડ કપ ૨૦૨૬માં કિક બોક્સરે મેળવી સફળતા



(પ્રતિનિધિ) વડોદરા, તા.21

શારીરિક પડકારોનો સામનો કરીને અને પ્રતિકૂળતાને તાકાતમાં ફેરવીને, વડોદરાની કિક બોક્સર દિંકલ ગોરખાએ ૧૩ થી ૧૮ ઓક્ટોબર દરમિયાન તાશ્કંદમાં યોજાયેલ ઉઝબેકિસ્તાન કિક બોક્સિંગ વર્લ્ડ કપ ૨૦૨૬માં ત્રણ મેડલ જીતીને ભારતનું નામ રોશન કર્યું છે. ૪૫ દેશોના ૨૫૦૦થી વધુ ખેલાડીઓ સામે દિંકલે પોઈન્ટ ફાઈટ (-૬૦ કિગ્રા) અને લાઈટ કોન્ટેક્ટ (-૬૦ કિગ્રા)માં બે સિલ્વર મેડલ, તેમજ પોઈન્ટ ફાઈટ (-૬૫ કિગ્રા) માં એક બ્રોન્ઝ મેડલ જીત્યો છે. તેઓની આ આંતરરાષ્ટ્રીય સફળતા પાછળ હિંમત અને દ્રઢનિશ્ચયની એક અદ્ભુત ગાથા રહેલી છે. માત્ર ત્રણ વર્ષની વયે, એક બસ અકસ્માતમાં દિંકલના ડાબા પગમાં ગંભીર ઈજા થઈ હતી. જો કે, શારીરિક પડકારને પોતાના ભવિષ્યને આકાર આપવા દીધા વગર, તેણે બોક્સિંગ લેજન્ડ એમસી મેરી કોમ પાસેથી પ્રેરણા લઈને પોતાની રમતગમતની સફર ચાલુ રાખી હતી. આજે તેના ખંત અને સમર્પણ ભાવનાએ તેને ઉભરતી આંતરરાષ્ટ્રીય સ્તરની એથ્લેટ તરીકે આગળ લાવવામાં મદદ કરી છે. ગુજરાત કિક બોક્સિંગ એસોસિએશનના ખેલાડી દિંકલ, કોચ સિદ્ધાર્થ ભાલેઘરેના માર્ગદર્શન હેઠળ તાલીમ મેળવે છે જેઓની ટેકનિકલ સલાહ અને માર્ગદર્શને દિંકલની આ સફરમાં બખુબી સાથ આપ્યો છે. તેમના આ ત્રણ મેડલની સિદ્ધિ સ્થિતિસ્થાપકતાનું એક શક્તિશાળી ઉદાહરણ છે, જે યુવા એથ્લેટ્સને અડગ મનોબળ સાથે અવરોધો પાર કરવા અને પોતાના લક્ષ્યો હાંસલ કરવા પ્રેરણા આપે છે.

## ૪૦૦થી વધુ વિન્ટેજ કેમેરાનો સંગ્રહ ધરાવતા વડોદરાના વડિલના શોખને બિરદાવતા મુખ્યમંત્રી

વડોદરા : ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઇ પટેલે વડોદરાના દાંડિયા બજાર વિસ્તારના રહેવાસીઅને ૪૦૦થી વધુ અનોખાદ વિન્ટેજ ફિલ્મ કેમેરાનો સંગ્રહ ધરાવતા ૮૩ વર્ષીય શ્રી શાંતિલાલ એસ. ગજ્જરને શુભેચ્છાપત્ર પાઠવીને તેમના આ અનોખા શોખ અને સમર્પણની બિરદાવ્યા છે. મુખ્યમંત્રીએ પોતાના પત્રમાં જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદી હંમેશાં કહેતા આવ્યા છે કે વ્યક્તિ પોતાની કુદરતી અભિરુચિ અને કૌશલ્યના ક્ષેત્રમાં કાર્ય કરે તેનાથી જે આત્મસંતોષ અને સુખ પ્રાપ્ત થાય છે તે દુલર્ભ છે, જેને 'સ્વાન્તઃ સુખાય' પ્રવૃત્તિ કહેવામાં આવે છે. ૮૩ વર્ષની વયે પણ શ્રી શાંતિલાલ ગજ્જરે આ પ્રવૃત્તિ અવિરત ચાલુ રાખી છે તે અત્યંત આવકારદાયક અને સરાહનીય છે. પોલેરાઈડ કેમેરા, રેડિયો કેમેરા, સ્નાઈપર ગન શૈલીનો કેમેરો, ચાવીથી ચાલતા અને સ્પ્રિંગ-વાઈન્ડિંગ મોડેલ્સ જેવા વિવિધ આકાર અને કદના ૧૯૩૦થી ૨૦૦૫ સુધીના ૪૦૦થી વધુ વિન્ટેજ કેમેરાઓનો સંગ્રહ તેમના જીવનની સાર્થકતા દર્શાવે છે.

# બરોડા રાઈફલ ક્લબ ખાતે દશેરા નિમિત્તે શસ્ત્રપૂજનનું આયોજન



વડોદરા : દશેરાના પાવન પર્વ નિમિત્તે બરોડા રાઈફલ ક્લબ, મંજલપુર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ, વડોદરા ખાતે શસ્ત્રપૂજનનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પરંપરાગત વિધિ-વિધાન સાથે શસ્ત્રોની પૂજા કરવામાં આવી હતી. દશેરા શક્તિ, શૌર્ય અને વિજયનું પ્રતીક છે. શસ્ત્રપૂજના આ આયોજન દ્વારા ભારતીય સંસ્કૃતિ અને પરંપરાનું જતન કરવાની સાથે શિસ્ત, સમર્પણ અને રમત પ્રત્યેની નિષ્ઠાનો સંદેશ આપવામાં આવ્યો હતો. બરોડા રાઈફલ ક્લબ પરિવાર દ્વારા સૌને દશેરાના પાવન પર્વની હાર્દિક શુભકામનાઓ પાઠવવામાં આવી હતી.

## હરણીમાં દશેરા પર્વે રાવણ દહન કાર્યક્રમમાં લોકો ઉમટ્યા



વડોદરા : વિજયાદશમી નિમિત્તે હરણીની મધુવન ક્લબ લાઈફ સોસાયટી દ્વારા સોસાયટીના ગેટ બહાર રાત્રે ૧૦:૩૦ કલાકે રાવણ દહન કાર્યક્રમ યોજાયો હતો. આસપાસની ૭ સોસાયટીના અંદાજે ૪૦૦ રહીશો કાર્યક્રમમાં જોડાયા હતા. રાવણ દહન દ્વારા સત્યના અસત્ય પર અને ધર્મના અધર્મ પર વિજયનો સંદેશ આપવામાં આવ્યો હતો. કાર્યક્રમથી રહીશો વચ્ચે એકતા અને સામાજિક સૌહાર્દની ભાવના મજબૂત બની હતી.


**આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ**
(અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ અને આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલીનીકૃત)
IDFC FIRST Bank
CIN: L65110TN2014PLC097792
રજિસ્ટર્ડ ઓફિસ: KRM ટાવર્સ, 8મો માળ, હેરિંગ્ટન રોડ, ચેતપેટ, ચેન્નઈ - 600031.
ટેલિફોન: +91 44 4564 4000 | ફેક્સ: +91 44 4564 4022.

**પરિશિષ્ટ IV [નિયમ 8(1)]**
**કબ્જાની નોટિસ (સ્થાવર મિલકત માટે)**

જ્યારે નીચે સહી કરનાર આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ અને આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલીનીકૃત)ના અધિકૃત અધિકારી તરીકે, સિક્યોરિટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, 2002 હેઠળ અને કલમ 13(12)ની સત્તાઓની રૂએ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, 2002ના નિયમ 3 સાથે વાંચતા, તારીખ 07.01.2026ના રોજની ડિમાન્ડ નોટિસ જારી કરી ઉધારકર્તા, સહ-ઉધારકર્તાઓ અને જામીનદારો 1. અમીન પ્રેરણા હર્ષ, 2. અમીન પ્રેરણા હર્ષ, 3. અમીન કીર્તન હર્ષને નોટિસમાં જણાવેલી રકમ રૂ. 29,04,296.65/- (અંકે રૂપિયા ઓગણત્રીસ લાખ ચાર હજાર બસો છન્નુ અને પાંસઠ પૈસા માત્ર) તારીખ 12.12.2025ની સ્થિતિએ ડિમાન્ડ નોટિસ મળ્યાની તારીખથી 60 દિવસની અંદર ચૂકવવા માટે આહ્વાન કર્યું હતું.
ઉધારકર્તાઓ રકમ ચૂકવવામાં નિષ્ફળ ગયા હોવાથી ઉધારકર્તાઓને અને સામાન્ય જનતાને આથી નોટિસ આપવામાં આવે છે કે નીચે સહી કરનારે ઉપરોક્ત એક્ટની કલમ 13ની પેટા-કલમ (4) હેઠળ તેમને પ્રદાન કરવામાં આવેલી સત્તાઓના ઉપયોગથી, સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, 2002ના નિયમ 8ના વાંચન સાથે તા. 25 જુલાઈ, 2026ના રોજ વર્ણવેલ મિલકતનો ભૌતિક કબજો લીધો છે.
ઉધારકર્તાઓ ખાસ કરીને અને સામાન્ય જનતાને મિલકત સાથે કોઈ વ્યવહાર ન કરવા ચેતવણી આપવામાં આવે છે અને મિલકત સાથેનો કોઈપણ વ્યવહાર આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ અને આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલીનીકૃત)ના રૂ. 29,04,296.65/- (અંકે રૂપિયા ઓગણત્રીસ લાખ ચાર હજાર બસો છન્નુ અને પાંસઠ પૈસા માત્ર) અને તેના પરના વ્યાજના ચાર્જ હેઠળ રહેશે.
સુરક્ષિત અસ્કયામતોને છોડાવવા માટે ઉપલબ્ધ સમયમાં ઉધારકર્તાનું ધ્યાન એક્ટની કલમ 13ની પેટા-કલમ (8)ની જોગવાઈઓ તરફ દોરવામાં આવે છે.

**સ્થાવર મિલકતોનું વર્ણન**

તમામ પીચ અને પાર્સલ ફ્લેટ નંબર 104, પ્રથમ માળ, ટાવર-f, બાંધકામ વિસ્તાર 62.267 ચો. મીટર એટલે કે 670.00 ચો. ફૂટ, વણવેચેલો જમીન વિસ્તારનો હિસ્સો 25.966 ચો. મીટર ધરાવતી જમીનનો ટુકડો, "યજ્ઞ પુરુષ રેસિડેન્સી" તરીકે ઓળખાતી ઇમારતમાં આવેલ છે. એન.એ. જમીન સર્વે નંબર 93, ટી.પી. સ્કીમ નંબર 1, એફ.પી. નંબર 98 પર બનેલ છે. સ્થળ: મોજે: હરની, નોંધણી સબ-ડિસ્ટ્રિક્ટ અને ડિસ્ટ્રિક્ટ: વડોદરા, ગુજરાત - 390022. સીમાઓ: પૂર્વ: ઓ.ટી એસ. અને સોસાયટી રોડ, પશ્ચિમ: કોમન લિફ્ટ અને ફ્લેટ નંબર F-103, ઉત્તર: ઓ.ટી.એસ. અને ટાવર-G, દક્ષિણ: ફ્લેટ નંબર F-105.

સહી/-
અધિકૃત અધિકારી
તારીખ: 25-07-2026 આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ
સ્થળ: ગુજરાત (અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ અને
લોન એકાઉન્ટ નંબર: 146204554 આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલીનીકૃત)


સાવલી પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી

# મેવલીના ખોડિયાર માતાના મંદિરમાં રૂ. ૫૦ હજારની ચોરી

**તસ્કરોએ** કેસેટ સ્પીકર અને એમ્પ્લીફાયર ચોર્યાં, ધર્મપ્રેમી લોકોમાં રોષ



(પ્રતિનિધિ) વડોદરા. તા.૨૧

સાવલી તાલુકાના મેવલી ગામ નજીક ડુંગર પર આવેલા ખોડિયાર માતાના મંદિરમાં ચોરીની ઘટના સામે આવતાં પંથકમાં ચકચાર મચી ગઈ છે. અજાણ્યા તસ્કરો મંદિરને નિશાન બનાવી અંદાજે રૂ. 50 હજારથી વધુની કિંમતનાં સાઉન્ડ સાધનો ચોરી ગયા હોવાનું જાણવા મળ્યું છે. આ બનાવથી સ્થાનિક ધર્મપ્રેમી લોકોની લાગણી દુભાઈ છે.

મળતી માહિતી મુજબ, મેવલી ગામ નજીક ડુંગર પર આવેલા ખોડિયાર માતાના મંદિરમાંથી તસ્કરો કેસેટ સ્પીકર અને એમ્પ્લીફાયર સહિતનાં સાઉન્ડ સાધનો ચોરી ગયા હતા. મંદિરના સાધનો ગાયબ થયાની જાણ થતાં ચોરીની ઘટનાનો ખુલાસો થયો હતો. ધાર્મિક સ્થળને નિશાન બનાવી ચોરી કરવામાં આવતાં સ્થાનિક લોકોમાં નારાજગી ફેલાઈ છે.

ઘટના અંગે સાવલી પોલીસને જાણ કરવામાં આવતાં પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે. જોકે, ચોરી ક્યારે થઈ અને તેમાં કોણ સંડોવાયેલું છે તે અંગે તપાસ ચાલુ છે. બનાવને પગલે તસ્કરોને વહેલી તકે ઝડપી પાડી ચોરીનો ભેદ ઉકેલવાની માંગ ઊઠી છે. મંદિર જેવા પવિત્ર સ્થળે ચોરીની ઘટનાને પગલે પંથકમાં રોષ જોવા મળી રહ્યો છે.

# ફળદ્રુપ જમીન પર સોલર પેનલ સામે ગુજરાત સરકાર નવી નીતિ ઘડશે

(પ્રતિનિધિ) વડોદરા. તા.૨૧

ગુજરાત સરકાર હવે રાજ્યની ફળદ્રુપ ખેતીની જમીન પર સોલર પેનલ લગાવવા પર અંકુશ મૂકવા અને તે માટે કડક નિયંત્રણો સાથેની નવી નીતિ ઘડવા ગંભીરતાથી વિચારણા કરી રહી છે. રાજ્યના કૃષિ વિભાગ દ્વારા કરવામાં આવેલા એક અભ્યાસમાં ચોંકાવનારી વિગતો બહાર આવી છે કે, મધ્ય ગુજરાતના અત્યંત ફળદ્રુપ ગણાતા ચરોતર વિસ્તારમાં ખેડૂતો પોતાની સોળે કળાએ ખીલેલી ખેતીની જમીન સોલર પાવર કંપનીઓને ભાડે આપી રહ્યા છે. આ વલણ ખાસ કરીને આણંદ અને વડોદરા જિલ્લામાં ચિંતાજનક રીતે વધી રહ્યું છે. ખેતીલાયક જમીનનો ઉપયોગ માત્ર ખેતી માટે જ જળવાઈ રહે અને વધતા સોલર પ્રોજેક્ટ્સને કારણે કૃષિ ઉત્પાદન પર કોઈ વિપરીત અસર ન પડે, તે આ વિચારણા પાછળનો મુખ્ય હેતુ છે.

વધતો જતો ખેતીનો ખર્ચ, પાકની અનિશ્ચિત આવક અને કમોસમી વરસાદ કે કુદરતી પ્રકોપને કારણે થતા નુકસાનથી ત્રાસીને ખેડૂતો હવે ખેતી છોડીને લાંબા ગાળાની નિશ્ચિત આવક તરફ વળ્યા છે. અહેવાલ મુજબ, સોલર કંપનીઓ જમીનમાલિકોને પ્રતિ એકર વાર્ષિક ૬૦,૦૦૦ થી ૬૫,૦૦૦ સુધીનું માતબર ભાડું ચૂકવે છે. સામાન્ય રીતે આ કરાર ૩૦ વર્ષ માટેના હોય છે, જેમાં દર વર્ષે ભાડામાં ૫% નો વધારો કરવાની જોગવાઈ પણ રાખવામાં આવે છે. આ ઉપરાંત, કેટલાક કરારમાં જમીનમાલિકોને સોલર પ્લાન્ટમાં સુપરવાઈઝર તરીકે કામ કરવાની તક પણ મળે છે, જેના માટે દર મહિને ૧૨,૦૦૦ સુધીનો પગાર આપવામાં આવે છે. કૃષિ વિભાગના અભ્યાસ અહેવાલમાં ચેતવણી આપવામાં આવી છે કે જો આ પ્રકારે ફળદ્રુપ જમીનનો સોલર પ્રોજેક્ટ્સ માટે સતત ઉપયોગ થતો રહેશે, તો લાંબા ગાળે કૃષિ ઉત્પાદન પર માઠી અસર પડશે. ટૂંકા ગાળામાં એટલે કે એકથી પાંચ વર્ષ દરમિયાન ફળદ્રુપ ખેતીની જમીનની ઉપલબ્ધતામાં સ્થાનિક સ્તરે ઘટાડો થઈ શકે છે.

ગુજરાત સરકારના કર્મચારીઓ માટે ૨૦૨૭થી નવી વ્યવસ્થા

# ડિજિટલ યુગ તરફ મોટું પગલું, નાણાં વિભાગનો ઐતિહાસિક નિર્ણય

રાજ્ય સરકાર અને પંચાયત વિભાગના કર્મચારીઓની સર્વિસબુક ઓનલાઈન થશે

(પ્રતિનિધિ) વડોદરા. તા.૨૧

રાજ્ય સરકાર તથા પંચાયત વિભાગ હસ્તકના તમામ અધિકારીઓ અને કર્મચારીઓની સેવાપોથી અંગે નાણાં વિભાગ દ્વારા એક અત્યંત મહત્વનો અને યુગાંતકારી નિર્ણય લેવામાં આવ્યો છે. અત્યાર સુધી વર્ષોથી કાગળની ફિઝિકલ હાર્ડકોપી તરીકે જાળવવામાં આવતી સર્વિસબુક હવે આગામી કેલેન્ડર વર્ષ ૨૦૨૭થી સંપૂર્ણપણે ડિજિટલ અને ઓનલાઈન કરી દેવામાં આવશે. આ નવી પારદર્શક વ્યવસ્થા હેઠળ તમામ કર્મચારીઓની સર્વિસબુક રાજ્ય સરકારના અધિકૃત 'કર્મયોગી પોર્ટલ' પર જ જાળવવામાં આવશે.

ગુજરાત સરકારના નાણાં વિભાગ દ્વારા રાજ્યના તમામ વિભાગોના વડા અધિકારીઓને સ્પષ્ટ સૂચનાઓ જારી કરી દેવામાં આવી છે. જે અનુસાર, આગામી ૧ જાન્યુઆરી, ૨૦૨૭થી અધિકારીઓ અને કર્મચારીઓની બઢતી, બદલી, રજાઓ અને અન્ય સેવાકીય બાબતોની તમામ નોંધો ફરજિયાતપણે ઓનલાઈન કર્મયોગી પોર્ટલ પર જ કરવાની રહેશે.

આ નવી વ્યવસ્થાને અમલમાં મૂકવા માટે મોટાપાયે પૂર્વ તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. ૧ જાન્યુઆરી, ૨૦૨૭ પહેલાંની તમામ જૂની ફિઝિકલ સર્વિસબુક્સનું ઝીણવટપૂર્વક સ્કેનિંગ કરવામાં આવશે. HRMS પ્રભાગ દ્વારા આ તમામ દસ્તાવેજોને PDF સ્વરૂપમાં રૂપાંતરિત કરી કર્મયોગી પોર્ટલ પર અપલોડ કરવાની કામગીરી હાથ ધરવામાં આવશે. સ્કેનિંગ પ્રક્રિયા પૂર્ણ થયા બાદ દરેક કર્મચારીએ પોતાના ઓનલાઈન અપલોડ થયેલા PDF દસ્તાવેજોની જાતે જ ચકાસણી કરીને તેની સાચી ખાતરી કરી લેવાની રહેશે.


**વડોદરા મહાનગરપાલિકા**
**ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીઝ**
ફોન નં. ૦૨૬૫-૨૪૧૩ ૬૩૫/૭૫૩/૭૫૪
ઈ-મેલ : cfo@vmc.gov.in
**જાહેર નોટીસ**
**દિવાળીના તહેવારો દરમ્યાન ફટાકડાનાં કારણે આગ સામે સલામતી માટે તકેદારી રાખવા નાગરિકોને અનુરોધ**
1. જાહેરમાં ફટાકડા ફોડતી વખતે પ્રતિબંધિત વિસ્તારમાં ફટાકડા ફોડવામાં ન આવે તેનું ખાસ ધ્યાન રાખવું.
2. બાળકો ફટાકડા ફોડતા હોય ત્યારે વડીલોએ અવશ્ય હાજર રહેવું તથા ફટાકડા ફોડતી વખતે સલામત અંતર રાખવું.
3. મકાનની છત તથા છાપરા પર પ્લાસ્ટીક, લાકડું. ગાદલા, પેપર, ઘાસ, તથા બિનજરૂરી સામાન ખુલ્લા રાખવા નહીં.
4. ફટાકડા હંમેશા સભામત જગ્યાએ મુકવા અને સાવચેતી રાખીને હોડવા.
5. ફટાકડા કોઈપણ સંજોગોમાં ઘરમાં ફોડવા નહીં.
6. હવાઈ. ગુબ્બારા જેવા હવામાં ઉંચે જઈ ફૂટતા ફટાકડા પોળો કે સાંકડી શેરીઓમાં ફોડવા નહીં. આવા ફટાકડા હંમેશા ખુલ્લા મેદાનમાં જઈને જ ફોડવા તથા સાવચેતી રાખવી.
7. બાળકોને ફટાકડા રમવા માટે આપવા નહીં. રાત્રીના ૧૦:૦૦ થી સવારે ૦૬:૦૦ કલાક સુધી ફટાકડા ફોડવા નહીં.
8. ફટાકડા ફોડતી વખતે હંમેશા પાણી ભરેલું ડ્રમ/વાસણ તૈયાર રાખો. જેથી આગ લાગે તો પણ આગને કાબુ કરી શકાય.
9. ફટાકડા હંમેશા લાઈસન્સ ધરાવતી દુકાનમાંથી ખરીદો.
10. ન ફુટેલા ફટાકડાની નજીક જવાની ભૂલ ક્યારેય ન કરો તેને બદલે નવો ફટાકડા ફોડી દિવાળીનો આનંદ માણો.
11. ખુલ્લા પ્લોટોમાં ઘાસ, બળતણ, ગોડાઉન, સ્ક્રેપ વગેરે માલ સામાન હોય તો સફાઈ કરવો. દિવાળીના તહેવારોમાં આવી જગ્યાઓ પર માલીકિ પાણી ભરેલા ડ્રમો તથા ડોલો સાથે વોચમેન રાત્રીનાં સમયે રાખવો.
12. ફટાકડા ફોડતી વખતે અન્ય ફટાકડાંઓ નજીકમાં રાખવા નહીં.
13. ફટાકડા ફોડતી વખતે નાયલોન/સિન્થેટીક જેવા કપડાં પહેરવા નહીં. હંમેશા સુતરાઉ કપડા પહેરવા.
14. ફાયર બ્રિગેડનાં ઈમરજન્સી વાહનોની અવર જવર માટે જગ્યા ખુલ્લી /રસ્તાઓ રાખો.
15. એક બીજાને ફટાકડા ફોડવાથી નુકશાન ના થાય તેવી રીતે ફટાકડા સલામત રીતે ફોડવા
16. આગ સામે સલામતી અપનાવો અને વિનાશ રોકો.
17. તમારા ટુ-વ્હીલર કે ફોર-વ્હીલર વાહનોને ફટાકડા ફૂટતા હોય તેવા મેદાન કે શેરીઓથી દૂર, શેડની નીચે અથવા સુરક્ષિત પાર્કિંગમાં રાખો અને વાહનો પર પ્લાસ્ટિકના જ્વલનશીલ કવર ન ઢાંકશો.
17. આગ-અકસ્માત સમયે અગ્નિશમન અને તાત્કાલિક સેવાઓ વિભાગનો ટેલી.નં. ૧૧૨ ઉપર તાત્કાલિક સંપર્ક કરવો
પી.આર.ઓ.નં. ૫૧૮/૨૦૨૬-૨૭ ડે.મ્યુનીસીપલ કમિશનરશ્રી(વ)


# વડોદરામાં સેવા સંકલ્પોત્સવના ચિત્ર પ્રદર્શનની મુલાકાતે રિવાબા જાડેજા



(પ્રતિનિધિ) વડોદરા. તા.૨૧

રાજ્યકક્ષાના શિક્ષણ મંત્રીશ્રી રિવાબા જાડેજાએ વડોદરા જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી, કારેલીબાગ ખાતે આયોજિત 'સેવા-સંકલ્પોત્સવ'ની મુલાકાત લીધી હતી. આ પ્રસંગે તેમણે વિદ્યાર્થીઓ દ્વારા તૈયાર કરવામાં આવેલી વિવિધ સર્જનાત્મક કૃતિઓનું નિરીક્ષણ કર્યું હતું અને વિદ્યાર્થીઓની કલાત્મક પ્રતિભાને નિહાળી હતી.

'વિકસિત ભારત ૨૦૪૭'ના સંકલ્પને કેન્દ્રમાં રાખીને આયોજિત આ કાર્યક્રમમાં વડોદરા જિલ્લાના વિદ્યાર્થીઓ દ્વારા તૈયાર કરવામાં આવેલાં ૨૫,૦૦૦થી વધુ ચિત્રોનું પ્રદર્શન યોજાયું છે. નવરાત્રિ મહોત્સવના અવસરે આયોજિત આ પ્રદર્શનમાં વિદ્યાર્થીઓએ પોતાની કલ્પનાશક્તિ, સર્જનાત્મકતા અને સામાજિક જાગૃતિને ચિત્રો દ્વારા અભિવ્યક્ત કરી છે. પ્રદર્શનના ભાગરૂપે 'વિકસિત ભારત ૨૦૪૭'ના સંકલ્પ સાથે જોડાયેલા વિવિધ વિષયો ઉપરાંત નશામુક્ત ભારતના સંદેશને ઉજાગર કરતી કૃતિઓ પણ રજૂ કરવામાં આવી છે.

# વડોદરા મહાનગરપાલિકા દ્વારા ભવ્ય ગરબા સ્પર્ધા સંપન્ન

વડોદરાની આગવી શેરી અને મોટા ગરબાની સંસ્કૃતિને જીવંત રાખવાનો સરાહનીય પ્રયાસ



(પ્રતિનિધિ) વડોદરા. તા.૨૧

શહેરમાં નવરાત્રી પર્વનો માહોલ અત્યારે ચરમસીમાએ છે. ત્યારે વડોદરા મહાનગરપાલિકા દ્વારા શહેરના સાંસ્કૃતિક વારસાને પ્રોત્સાહન પૂરું પાડવાના ઉદ્દેશ્ય સાથે એક ભવ્ય પ્રાચીન અને અર્વાચીન ગરબા સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. વડોદરાની આગવી ઓળખ સમાન શેરી ગરબા અને પરંપરાગત ગરબાની સંસ્કૃતિ આવનારી પેઢીમાં પણ જીવંત રહે તેવા મુખ્ય હેતુથી યોજાયેલી આ સ્પર્ધામાં ઉત્સાહનો અદ્ભુત માહોલ જોવા મળ્યો હતો. મહાનગરપાલિકા દ્વારા આયોજિત આ સ્પર્ધામાં વડોદરાની ૨૩થી વધુ ગરબા ટીમોએ ભારે ઉત્સાહ સાથે ભાગ લીધો હતો. ખેલૈયાઓએ પરંપરાગત અને આકર્ષક વેશભૂષામાં સજીને પ્રાચીન તાળી રાસ, ડોઢીયા તેમજ અર્વાચીન ગરબાના તાલે અદભુત ચરણો અને ઘૂમરીઓ લગાવી હતી.


**વડોદરા મહાનગરપાલિકા**
www.vmc.gov.in
**ટેન્ડર નોટીસ**
વડોદરા મહાનગરપાલિકામાં યોગ્ય વિભાગ તેમજ યોગ્ય શ્રેણીમાં નોંધાયેલ માન્ય ઇજારદારો પાસેથી તથા સરકારી/અર્ધસરકારી સંસ્થાના નોંધાયેલા અનુભવી ઇજારદારો પાસેથી નીચે જણાવેલ કામ માટે મહોરબંધ ભાવપત્રો મંગાવવામાં આવે છે.

| અ.નં. | પી.આર.ઓ. નંબર | વિભાગનું નામ | કામની સંખ્યા | અંદાજિત રકમ |
|---|---|---|---|---|
| ૧ | ૫૧૩/૨૬-૨૭ | પાણી પુરવઠા વિતરણ | ૦૧ | ૮૪,૨૫૦/- |
| ૨ | ૫૧૪/૨૬-૨૭ | ટ્રાફિક શાખા | ૦૪ | ૯,૪૦,૭૯૬/- |
| 3 | ૫૧૬/૨૬-૨૭ | પા.પુ. (ઇલે.મિકે.) | ૦૧ | ૨૫,૦૦,૦૦૦/- |
| ૪ | ૫૧૭/૨૬-૨૭ | સયાજીબાગ ઝૂ | ૦૨ | ૧,૫૦,૦૦,૦૦૦/- |
| ૫ | ૫૧૯/૨૬-૨૭ | પાણી પુરવઠા શાખા | ૦૧ | ૪,૯૮,૦૨૦/- |
| ૬ | ૫૨૦/૨૬-૨૭ | પ્રેસ વિભાગ | ૦૧ | ૮,૦૦,૦૦૦/- |
| ૭ | ૫૨૨/૨૬-૨૭ | ફયુચરિસ્ટીક પ્લાનીંગ સેલ | ૦૪ | ૨૦,૦૦,૦૦,૦૦૦/- |
| ૮ | ૫૨૩/૨૬-૨૭ | રોડ પ્રોજેક્ટ | ૦૧ | ૧૦,૦૦,૦૦,૦૦૦/- |
| ૯ | ૫૨૪/૨૬-૨૭ | અગ્નિશમન અને તાત્કાલિક સેવા વિભાગ | ૧૫ | ૬,૯૯,૨૧૧/- |
| ૧૦ | ૫૨૫/૨૬-૨૭ | પાર્કસ એન્ડ ગાર્ડન | ૦૬ | ૨૧,૫૦,૦૦,૦૦૦/- |

**નોંધ: અ.નં. 3,૪,૭,૮ અને ૧૦ ની જાહેરાત ઇ-ટેન્ડરીંગની છે.**
ઉપરોક્ત કામના ટેન્ડર ફોર્મ તથા વિસ્તૃત માહિતી જે તે સંબંધિત વિભાગમાંથી ઉપરોક્ત સૂચિત વેબસાઇટ પરથી મળી રહેશે. કોઇપણ ભાવપત્ર મંજૂર/નામંજૂર કરવાની અબાધિત સત્તા મ્યુનિસિપલ કમિશનરશ્રીની રહેશે.
પી.આર.ઓ.નં.૫૨૬/૨૦૨૬-૨૭ જનસંપર્ક વિભાગ દ્વારા પ્રકાશિત